## સલામી સવારની..



**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*ચોરી, લૂંટ, ખંડણી અને રોજ ચેનો તૂટે છે,*
*બેંકો તો ઠીક, હવે એટીએમ પણ તૂટે છે,*
*લૂંટે છે મજા નિર્ભય ચોરો, આવ્યા અચ્છે દિન -*
*સત્તાથી લૂંટે એવા ઘંટીચોરો પ્રજા લૂંટે છે...*

હાઈકુ

*ચઢે ને ચગે -*
*'દેશી' ને પૂછે કોણ?*
*ચાલે વિદેશી...*
*(પતંગ અને દારૂ)*

*વિરોધ સામે*
*પડી જાય ઘૂંટણે -*
*'બાઈજી' પણ...*
*(સમજુતિ ગોઠવણ)*

## ચિંતન

**અજ્ઞાની ના કૃતમપિ ન બહુ મંતવ્યં ॥**

'અજ્ઞાનીઓ (જે સ્વભાવથી અવિવેકી હોય-ઘમંડી-તોછડા આચરણવાળો-દુષ્ટ-જન) દ્વારા કયારેક અચાનક-અજાણતાં કોઈ કાર્યમાં સફળતા મળી પણજાય તો પણ તેને બહુ મહત્વ ન આપવું.'

કયારેક કાગડો બેસે ને તોતીંગ વૃક્ષની ડાળ (જે જરામાં અટકી હોય!) તૂટી પડે તેથી કંઈ એમ ન માની શકાય કે કાગડાના વજનથી જ એ ડાળ તૂટી છે. એ આકસ્મિત કારણ છે, એવી રીતે ઘણીવાર યોગ-સંજોગી ક્ષણ આવે અને કોઈ મૂર્ખ-અજ્ઞાની કોઈ સ્વીચ દબાવી દે અને જેમ વિશાળ યંત્ર અચાનક ચાલુ થઈ જાય એ અજ્ઞાનીનું બુદ્ધિ કૌશલ્ય નથી.

આજકાલ નેતા-અધિકારીઓ પણ પોતાનાં 'મદદનીશ' તરીકે 'બૌદ્ધિકો'ની સહાયથી સફળ થતા હોય છે બાકી જાતે તો સાવ રબ્બર સ્ટેંપ જેવા જ હોય છીએ, પીએ/સચિવ એમને 'સાચવી' લે છે.

## સુવિચાર

- ઝાડ તેના ફળથી ઓળખાય છે, સોનું કસોટીથી પરખાય છે, ઘંટની કિંમત તેના રણકારથી અંકાય છે, એવી જ રીતે માણસનું મૂલ્ય સંસ્કારથી મપાય છે - **જનકલ્યાણ**
- તમે તમારા દુશ્મન માટે જે આગ સળગાવશો તે દુશ્મન કરતાં તમને વધુ દઝાડશે - **ચીની કહેવત**
- ગુસ્સા અને વિવેક વચ્ચે માત્ર એક જ દરવાજો છે, ગુસ્સાનો દરવાજો ખુલે એટલે વિવેકનો દરવાજો બંધ થઈ જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ખરેખરી લાયકાત વિનાની પ્રશંસાએ ઢાંકેલી મશ્કરી જ હોય છે - **સુધા મૂર્તિ**
- પ્રશંસા વિવેકી ને વધુ નમ્ર બનાવે છે અને મૂર્ખને વધુ અહંકારી બનાવી દે છે, પ્રશંસા કરવી એ આવડત છે અને પ્રશંસા ને સમજવી એનાથી પણ મોટી આવડત છે - **ડૉ. ચંદ્રકાન્ત મહેતા**
- જિંદગીમાં કેટલી પળો છે તેનો વિચાર કરવા કરતાં, દરેક પળમાં કેટલી જિંદગી છે તે જાણીએ અને જિંદગીને માણીએ - **હંસલ ભચેચ**
- આજનું ઔષધ : રાત્રે ગરમ પાણીમાં મીઠું નાખી પીવાથી કબજીયાતમાં રાહત રહે છે.

(સંકલન : દીપક વી. આસરા)

## બોધકથા

'ગુરુ' પાસે કંઈ જાદુઈ લાકડી નથી કે કાગળના ડૂચામાંથી કબૂતર બનાવી નાખે! ગુરુનું કામ તો આપણામાં પડેલી ચેતનાને સંકોરી, ફૂંક મારી, પ્રકટાવવાનું છે - થોડો પણ અગ્નિ ત્યાં હાજર હોવો જરુરી જ છે.

એક યુવાન એક આશ્રમમાં, દિક્ષા લેવાના સંકલ્પથી દરરોજ સત્સંગ-વ્યાખ્યાનમાં આવતો-આશ્રમના પ્રધાન વડા શિષ્યોનું નિરીક્ષણ કરતા અને વ્યાખ્યાન આપતા. કોનો પહેરવેશ ગંદો છે, ટીલાં-ટપકાં વ્યવસ્થિત છે કે નહીં - પૂજા - માળા કેટલી કરી, તેનો હિસાબ રાખી આવા અનેક નિયમોનો ભંગ કરનારને સજા પણ કરતા.

યુવક આ સાંભળી સાંભળી દિક્ષા લેવાનો વિચાર બદલાવી આશ્રમ બહાર નીકળ્યો. બહાર વૃક્ષોને ઓટલે એક ફકીર બેઠા હતા. એની સામે સ્મિત કહ્યું, યુવક તેની પાસે ગયો અને પુછ્યું, 'ગુરુનું કર્તવ્ય શું?'

શિષ્યના દોષ દેખાડી એને આંગળી પકડી દિવ્ય પથ પર ચઢાવી દેવાનું છે - ચેતના જાગૃત કરવાનું છે.

## લાતોં કે ભૂત બાતોં સે નહીં માનતે

## તંત્રીસ્થાનેથી....

પાકિસ્તાનનું સર્જન જ હિંદુસ્તાન વિરોધી ભાવનાથી થયેલું છે. તેથી ભારતીય ઉપખંડનો જ ભાગ હોવા છતાં પાકિસ્તાનને ભારતની ભવ્ય વિરાસત પ્રત્યે લેશ પણ સદ્ભાવ નથી - અહોભાવનો તો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. કૌરવો અને પાંડવો વચ્ચે લોહીની સગાઈ હતી એમ ભારત-પાક વચ્ચે માટીની સગાઈ છે. પરંતુ ધર્મ આધારિત અલગ રાષ્ટ્રની અઘટિત માગણી માન્ય ઠેરવીને અંગ્રેજોએ અખંડ હિંદુસ્તાનના ટુકડા કરાવી વેરવ વાળ્યું હતું. જમ્મુ અને કાશ્મીરનું કોકડું ગૂંચવાયેલું રાખી આપણા શરૂઆતના રાષ્ટ્રીય નેતાઓએ ભવિષ્યના હિંદુસ્તાન માટે કાયમી ઉજાગરાનો વારસો આપી દીધો છે. પઠાણકોટ પરનો તાજેતરનો હુમલો મૂળે તો આ ધર્માંધ પાડોશીની કુત્સિત મંશાનું જ પરિણામ છે. નવાઝ શરીફ અંગત રીતે ખરેખર શરીફ હોઈ શકે. એમની દાનત ભારત સાથે સૌહાર્દપૂર્ણ સંબંધો સ્થાપવાની હોય તો એ આવકારદાયક બાબત ગણાવી જોઈએ. પરંતુ હૂંશીલા વડાપ્રધાન મોદીની વધુ પડતી વ્યૂહાત્મક રાજનીતિ બૂમરેંગ બની છે. નવાઝ શરીફને જન્મદિવસની વધામણી આપવા અધવચ્ચે ઊતરી ગયેલા વડાપ્રધાનની શુભચેષ્ટાનાં ભરપૂર વખાણનો સિલસિલો ચાલુ જ હતો ત્યાં પઠાણકોટના અતિસુરક્ષિત ઍરબેઝ પર આતંકવાદીઓએ ત્રાટકીને એમની તાકાત બતાવી દીધી. જૈશે મહંમદ અને લશ્કરી તોએબા કે તાલેબાન જેવાં ત્રાસવાદી જૂથો પાકિસ્તાનમાં રહીને જ એમના તાલીમ કેમ્પો ચલાવે છે તે કોણ નથી જાણતું? દાઉદ પાકિસ્તાનમાં બાદશાહી ઠાઠથી રહે છે અને એનો ડ્રગ માફિયા તરીકેનો દબદબો અકબંધ છે. શું નવાઝ શરીફની સરકારે આ માનવ જાતના દુશ્મનો સામે ઊંચી આંખ કરવાનું પણ મુનાસિબ માન્યું છે? ભારતે ૨૬/૧૧ના હુમલા વિશે તમામ પુરાવા આપ્યાં છતાં પાકિસ્તાનના પેટનું પાણી હાલ્યું છે ખરું? ભારતે મોકલાવેલ પુરાવા કાં તો પાકને ખોટા લાગ્યા છે, કાં અધૂરા. ભારતે ૨૬/૧૧ના હુમલા પાછળના ગુનેગારોનાં નામઠામ આપ્યાં છે અને એમની વોઈસ સેમ્પલ માગ્યાં છે, જે આપવાની પાકિસ્તાને કોઈ જ તૈયારી દર્શાવી નથી. એ દર વખતની જેમ પઠાણકોટ હુમલામાં પણ પાકિસ્તાનનો હાથ નહીં હોવાની જ થિયરી આગળ ધરવાની ફિરાકમાં છે. ભારતે આપેલા નંબરો પાકિસ્તાનમાં રજિસ્ટર્ડ થયેલ નથી, એવું જણાવી પાકિસ્તાને એની દાનત દર્શાવી દીધી છે. પછી જોઈન્ટ ઈન્વેસ્ટિગેશન ટીમ (જેઆઈટી)નું નાટક રચીને બહારની દુનિયા આગળ પોતાની નીયત સાફ હોવાનું બતાવે એથી ભારતને શો ફાયદો? વળી એ 'જેઆઈટી' માં પાકિસ્તાનની બદનામ જાસૂસી એજન્સી આઈએસઆઈ તથા ભારતનું હાડોહાડ દુશ્મન એવું પાક આર્મી સામેલ હોય ત્યારે એની તપાસ કેવાં ગુલ ખીલવી શકે, તેની કલ્પના કરવી મુશ્કેલ નથી. ભારતના નેશનલ સિક્યુરિટી એડવાઈઝર ડોભાલ એમ માનતા હોય કે પોતે પાકિસ્તાનને 'સુધારી' શકશે તો તે વાત હજમ થાય એવી નથી. પૂર્વ રાષ્ટ્રપતિ મુશર્રફે ભારત સરકારના વલણ સામે આક્રોશ વ્યક્ત કરીને પાક લશ્કરને દાનત દર્શાવી જ દીધી છે, એટલે સચિવ સ્તરની વાતચીત સંપન્ન થવાની શક્યતા પણ નહીંવત જ છે. નવાઝ શરીફને પણ નરેન્દ્ર મોદીની સાથે શાંતિનું નોબેલ પ્રાઈઝ શેર કરવાના અભરખા છે, પરંતુ પાક આર્મી કે આઈએસઆઈ એમની મુરાદ બર આવવા દેવાનાં નથી. મનોહર પારિકર ચોખ્ખી ઈમેજ ધરાવનાર સંરક્ષણ મંત્રી હોઈ શકે છે, પરંતુ એ જયારે આઘાત પહોંચાડનારને આઘાતની ભાષા જ સમજાય - એવું નિવેદન કરે છે ત્યારે એને 'અંગત નિવેદન' ગણાવે છે. મોદીની સરકાર પાસે ઈઝરાયલી મનોબળ હોત તો એણે આતંકવાદી કેમ્પો પર ત્રાટકવા માટે મુહૂર્ત જોવાની જરુર નહોતી. ફ્રાંસનું ઉદાહરણ આપણી નજર સામે છે... ફક્ત ઉગ્ર નિવેદનો કે ભાષણો કરવાથી કે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં હીરો બની જવાથી પઠાણકોટ ટાઈપના હુમલા રોકી શકાશે નહીં, એ સમજી લેવાની જરુર છે.

## પ્રેમના સ્વીકારમાં મોડું ન થઈ જાય... કહીં દેર ન હો જાયે



**ગુલમોર**
દિનેશ દેસાઈ

મોરારિ બાપુએ એક વાર કહેલું કે પ્રેમ બે હૃદયમાં અનુભવાતી એ અનુભૂતિ છે કે જે સમાન આદર અને સમાન વિશ્વાસમાં સમાયેલી હોય છે. પરમ સમીપનો આનંદ એટલે પ્રેમ. કોઈ ચનીચ નહીં, કોઈ મોટોનાનો નહીં, કોઈ અમીરગરીબ નહીં, એટલે પ્રેમ. ફક્ત દિલની મોટપ, દિલની ચાઈ, દિલની મોટાઈ અને દિલની અમીરાઈ એટલે પ્રેમ.

આઈ લવ યુ... કહેવાથી પ્રેમ શબ્દોમાં વ્યક્ત થઈને સામેવાળાના કાન સુધી તો પહોંચે, પણ પ્રેમ સામી વ્યક્તિને પુરવાર પણ થવો જોઈએ ને. સામેની વ્યક્તિને તમે પ્રેમનો અહેસાસ કરાવો તો જ પ્રેમ હૃદય સુધી પહોંચે. બાકી તો વાતોનાં વડાં અને ટાઈમપાસ. બીજું શું?

એક સરસ મજાની સંવેદનશીલ વાત છે. એક નાનું એવું રૂડું રૂપાળું પંખી બગીચામાં ખીલેલા એક સફેદ ફૂલ પર ઉડ્યા કરતુ હતું.

ફુલે પંખીને પૂછ્યું કે - તું કેમ મારી આસપાસ જ ઉડ્યા કરે છે?

ત્યારે પેલા પંખીએ હસતા હસતા કહ્યું કે - ખબર નહિ કેમ, પણ તારાથી દુર જવાની મને ઈચ્છા જ નથી થતી. મને બસ એમ જ થાય છે કે હું તને એક ક્ષણ પણ મારી નજરથી દૂર ન કરું.

ફુલને થયું કે આ પંખી તો સાલું માથે પડ્યું છે અને મારો પીછો મૂકે તેમ લાગતું નથી. મારે કોઈ ઉપાય કરીને આને મારાથી દૂર કરવું જ પડશે.

એણે પંખીને કહ્યું, ખરેખર, તું કાયમ મારી સાથે જ રહેવા ઈચ્છે છે?

**પ્રેમ કરવો છે પણ કશું આપવું નથી, તો પ્રેમ ક્યાંથી સંભવ બને? આપીને પામવાનું નામ એટલે પ્રેમ, માગીને પામવાનું નામ પ્રેમ ન હોઈ શકે, પ્રેમ કોઈ ભિક્ષા નથી કે માગવામાં આવે, પ્રેમ એટલે જ ઉદારતા**

પંખી આ સંભાળીને એકદમ આનંદમાં આવી ગયું. તેને તો એવું લાગ્યું કે જાણે આખી પૃથ્વી પરનું સુખ ભગવાને એને આપી દીધું.

એણે તો તુરંત જ કહ્યું કે - હા. હું કાયમ તારી સાથે જ રહેવા માંગું છું.

ફુલે કહ્યું કે - જો હું અત્યારે સફેદ છું પરંતુ જયારે હું લાલ રંગનું થઈ જઈશ ત્યારે આપણે બંને કાયમ માટે એક થઈ જઈશું.

આ સાંભળીને પેલું પંખી તો નાચવા લાગ્યું અને ગાવા લાગ્યું. ફુલ વિચારમાં પડી ગયું કે મારો સફેદ રંગ તો પ્રકૃતિદત્ત છે. હું લાલ રંગનું તો થવાનું જ નથી. મેં તો આ પંખીનો પીછો છોડાવવા માટે જ આમ કહ્યું છે, પણ આ પંખી તો એવું માની બેઠું લાગે છે કે હું લાલ થઈ જઈશ અને તેને સમર્પિત થઈ જઈશ. આ પંખીની બુદ્ધિ કામ કરતી બંધ થઈ ગઈ લાગે છે. આ પંખી પાગલ થઈ ગયું લાગે છે.

પેલા ફૂલની આસપાસ તો ખુબ બધા કાંટા હતા. પંખીએ ગાતાગાતા અને નાચતા નાચતા પોતાના શરીરને કાંટા સાથે ઘસવાનું અને અથડાવવાનું શરુ કર્યું. પંખીના શરીરમાંથી લોહીના છાંટા ડીડીને ફૂલ પર પડવા માંડ્યા અને ફૂલ તો ધીમે ધીમે લાલ થવા માંડ્યું. થોડી વારમાં તો પંખીનું આખું શરીર વીંધાઈ ગયું અને પેલું સફેદ ફૂલ હવે લાલ થઈ ગયું. ફૂલને હવે સમજાઈ ગયું કે પંખી પોતાને કેટલો બધો પ્રેમ કરે છે...!

સફેદમાંથી લાલ થઈ ગયેલું એ ફુલ પેલા ઘાયલ પંખી પાસે પોતાના પ્રેમનો એકરાર કરવા નીચું નમ્યું અને કહ્યું કે - તું મને માફ કરજે. મેં તો તારા પ્રેમને ગંભીરતાથી લીધો જ નહોતો કે તારી મારા તરફની લાગણીને પણ ક્યારેય સમજી નહોતી. મેં તો તારા પ્રેમને ગાંડપણ અને માત્ર મજાક જ માન્યો હતો પણ મને હવે તારો પ્રેમ સમજાય છે અને અનુભવાય પણ છે. હું પણ તને પ્રેમ કરું છું.

ફૂલ સતત બોલતું રહ્યું પણ સામેથી કોઈ જ જવાબ ન મળ્યો, ત્યારે ફૂલને સમજાયું કે મને ચાહનારું પંખી તો મૃત્યુ પામ્યું છે અને હવે ઘણું મોડું થઈ ગયું છે. આપણા જીવનમાં પણ આવું બનતું હોય છે કોઈ આપણને ખરા દિલથી ચાહતું હોય છે અને આપણે માત્ર એને મજાક સમજીએ છીએ. સાચા પ્રેમનો સ્વીકાર કરવામાં ક્યાંક મોડું ન

અનુસંધાન પાના નં. ૭ પર

## ...મન શ્રદ્ધાથી એવું તો ભરાઈ ગયેલું માનો કે બળવંતભાઈને મળીને નહીં પણ ચારધામની યાત્રા કરીને પાછો ફરી રહ્યો છું



**નવાં કલેવર**
નટવર હેડાઉ

(ગતાંકથી આગળ...)

કોણ જાણે કેમ બળવંતભાઈને મળવાની ઈચ્છા બળવત્તર બનવા લાગી. દવાવાળા પાસેથી તેમના ઘરનું સરનામું મળ્યું. આમ તેમ પુછપરછ કરતો કરતો હું તેમના ઘર સુધી પહોંચી ગયો. એક સાંકળી ગલીમાં મોટા દરવાજા વાળું એક જૂનું મહાન. દરવાજે કોઈ ડોરબેલ દેખાઈ નહીં એટલે મેં બૂમ પાડી 'બળવંતકાકા છે કે...' એક વૃદ્ધ સ્ત્રી બહાર આવી અને બોલી ઉપર છે. તેણએ દાદરનો રસ્તો બતાવ્યો અને પોતે નીચેના ઓરડામાં ઘુસી ગઈ. નીચે આંગણામાં સરસામાન વિખરાયેલો પડ્યો હતો. બે ત્રણ બાળકો રમતાં હતા.

દાદર ચડીને હું પહેલે માળે પહોંચ્યો. ડાબી બાજુ એક બારણું હતું. તે બંધ હતું. મેં બારણું ખખડાવ્યું. અને કહ્યું, અંકલ... પહેલાં કંઈક હલચલ થઈ પછી બારણું ખુલ્યું. સામે બળવંતભાઈ ઊભા હતા. જુનો પણ સ્વચ્છ લેંઘો ઝભ્ભો પહેરેલ હતો. હાથમાં કોઈ પુસ્તક અને આંખે ચશ્મા. પહેલીવાર જયારે મળેલા ત્યારે વાળ થોડા સફેદ અને આંખે ચશ્મા. પહેલીવાર જયારે મળેલા ત્યારે વાળ થોડા સફેદ થવાની શરુઆત થયેલી પણ અત્યારે વાળ ચાંદીની જેમ ચમકતા હતા. તેમનો ચહેરો એ વાતની ચાડી ખાતો હતો કે જિંદગીની કપરી કસોટીમાંથી તે પસાર થયા છે. શરીર થાકેલું અને હરપળ વાચાળ લાગતી આંખો એ જાણે કે મોંન સાધી લીધું હતું. તેમનો ઉત્સાહથી ભરપૂર સ્વર ગળામાંથી બહાર આવતા પહેલાં જાણે કે દુનિયાના મિજાજને પારખવા માંગતો હતો.

તેમણે એકવાર ધ્યાનથી મારી તરફ જોયું. હું સમજી ગયો છું. વર્ષોના સ્મૃતિપટલ પર જે ધૂળ ચડી ગઈ છે. તેને ખંખેરવાનો એ પ્રયાસ કરી રહ્યા છે. હું પણ ચૂપચાપ ઊભો રહ્યો પરંતુ સ્મૃતિને ઉકેલવામાં તેમને વધુ સમય ન લાગ્યો. અચાનક તેમના ચહેરા પર સ્મિત ઊભરાઈ આવ્યું. અને રાજી થતાં બોલ્યા 'અરે! અનિકેત? અહીં કયાંથી? આવો... આવો...'

ઘર જૂનું હતું. પરંતુ સજાવટ સરસ હતી. દિવાલ પર કોઈક સન્માનપત્ર ટીંગાળેલું હતું. જે કદાચ નિવૃત્તિ સમયે તેમના સહકર્મચારીએ આપ્યું હતું. અંદર પ્રવેશતા બેઠક ખંડ હતો. તેમાં એક સાધારણ સોફો મુકેલો હતો. અને એક ખૂણામાં ટેબલ પર ચોપડીઓ હતી. બળવંતભાઈએ હાથમાં પકડેલું પુસ્તક એ ટેબલ પર મુકી દીધું અને અંદર ચાલ્યા ગયા. થોડીવાર પછી હાથમાં એક ટ્રે લઈને પાછા આવ્યા. ટ્રેમાં પાણીનો ભરેલો ગ્લાસ હતો. તે પ્રેમપૂર્વક બોલ્યા. 'લ્યો, બેટા પાણી પીઓ.'

હું એ જોઈને ચોંક્યો કે આ ઉંમરે મહેમાન ને પાણી આપવાનું તેમનું જાતે કરવું પડે છે. પરંતુ ફક્ત એટલું બોલ્યા. 'અંકલ ઔપચારિકતાની જરુર નથી. આપ બેસો.'

'આજ અચાનક આ તરફ કયાંથી?' બળવંતભાઈએ પ્રશ્ન કર્યો. તેમના સ્વરથી એમ લાગતું હતું કે જાણએ તેમને અસીમ આનંદની અનુભૂતિ થઈ રહી છે.

'બસ એમ જ, ઘણા લાંબા સમય બાદ આ તરફ નીકળ્યો એટલે તમને મળવાની ઈચ્છા થઈ આવી. મંદિરની આજુબાજુ પુછપરછ કરીને ખબર પડી કે ઘણા લાંબા સમયથી તમે મંદિરે આવતા નથી. પરંતુ દવાની દુકાને કયારેક કયારેક આવો છો. મનમાં ચિંતા થઈ એટલે પુછતાં પુછતાં અહીં આવી ગયો.' મેં કહ્યું.

'હું આટલા વર્ષોથી રોજ મંદિરે જતો હતો તેથી રણછોડજીને લાગ્યું હશે કે હવે હું થાક્યો છું. તેથી મને મંદિરે આવતાં રોકી દીધો.' તેમણે કહ્યું.

'એટલે?' હું કંઈ સમજ્યો નહીં.

એમ કહેવાય છે કે જે કંઈ થાય છે કે એની ઈચ્છાથી થાય છે. તેની મરજી વિના પાંદડુંય હલતું નથી. હું મારી વિવિશતાને તેની ઈચ્છા માનવા લાગ્યો. બન્યું એવું કે છ મહિના પહેલાં તારી આન્ટીને બ્રેમ હેમરેજ થયું. સારવારથીએ આ દુનિયામાં ટકી ગઈ પણ તેને લકવા થઈ ગયો. હવે પોતાના જરુર પુરતાં કામ તો કરવા લાગીછે. પરંતુ તેને આ હાલતમાં એકલી મુકી કયાંક જવાનું રીસ્ક લેતા મન માનતું નથી. પથ્થરની એક મુર્તિની સેવા-પૂજા કરી આપણે પુણ્ય કમાવા મથીએ છીએ. તેના કરતાં એક જીવંત માનવીની સેવા સારવારથી મોટી પૂજા કઈ હોઈ શકે. જેણે જીવનભર દરેક પરિસ્થિતિમાં તમને સાથ આપ્યો હોય. ઘરના કામ માટે બાઈ રાખેલી છે પણ મારું મન માનતું નથી કે તેમને લાચારીમાં એકલા મુકીને કયાંક એવું લાગતું ન હતું કે આ વાત તેમણે ફરિયાદ રુપે કરી હોય.

'અંકલ! ઘરમાં બાળકો પણ હશે ને!' હું 'સ્વાભાવિક જીજ્ઞાસાવશ પુછી બેઠો.'

દીકરીના લગ્ન થઈ ગયા છે અને દીકરો વિદેશમાં છે. રોજ-રોજ આવવા જવાનું શક્ય નથી. હું જાણું છું કે આજકાલ ભાગદોડ કેટલી વધી ગઈ છે. પહેલાં બે ત્રણ મહિના વહુ અહીં રહી, પચી દીકરીએ માંને સાચવી. બે મહિના સુધી એ પોતાના કુટુંબ અને બાળકોને છોડી અહીં રહી. પરંતુ તેનો પોતાનો સંસાર છે. પોતાની જવાબદારીઓ છે. આવું કયાં સુધી નિભાવી શકાય. છેવટે મેં જ બધાને કહી દીધું કે હજું મારાહાથ પગ ચાલે છે. તમે ચિંતા ન કરો. તમારી માં પોતાના જરુરી કામ જાતે કરવા લાગી છે. બાકી હું સંભાળી લઈશ. મંદિર જઈ શકાતું નથી. બસ આંખો મીંચીને મારા રણછોડરાયના દર્શન કરી લઉં છું. વચ્ચે વચ્ચે તમારી આંટી માટે દવા લેવા જવાનું થાય છે. કયારેક ભાડુઆત સાથે કાગળ મોકલી મંગાવી લઉં છું. અથવા તેના કુટુંબની કોઈ સ્ત્રીને તમારા આંટીની જવાબદારી સોંપી જાતે જઈ દવા લઈ આવું છું. આટલું કહ્યાં પછી તે જરા અટક્યા. તેમણે પોતાની જગ્યાએ બેસીને જ નમીને અંદરની બાજુ જોયું. હવે હું મારી બિમાર પત્નીની સેવા-સારવાર, પુસ્તકો, આ દિવાલો અને કંઈક સંભારણા છે. જેને આધારે જીવન વીતે છે. આમાં જો કોઈ વાત કરવા આવી જાય તો એમ લાગે છે કે ખજાનો મળી ગયો. બળવંતભાી હંસીને બોલ્યા, હું સમજી ન શક્યો કે આ હસવાની તરલતામાં દર્દની નદી છે કે પછી નિસ્પૃહતા નો સમુન્દર.

વાતાવરણ કંઈક ગંભીર થવા લાગ્યું હતું. તેને હળવુ કરવા માટે મેં જરા મજાક કરી 'પણ રણછોડજી તો રોજ તમારી રાહ જુએ છે.' હવે હેડ ક્વાર્ટર છોડવાની મંજુરીનું શું થાય છે?'

તેમણે હસતાં હસતાં કહ્યું, 'એમાં તમે એવું સમજોને હવે હું નિવૃત્ત થઈ ગયો છું. અને નિવૃત્તિ પછી તીર્થયાત્રામાં છું. નિવૃત્તિ પછી હેડ ક્વાર્ટર છોડવાની પરવાનગી લેવી પડતી નથી. તેમણે આ વાત કંઈક એ રીતે કહી કે હું મારું હસવાનું રોકી ન શક્યો.'

મોડું થયું હતું. બીજા કામો પણ કરવાનાં હતા. મેં બળવંતભાઈને મારો ફોન નંબર લખાવ્યો અને કહ્યું કે જયારે મારે લાયક કામ પડે ત્યારે વિના સંકોચે ફોન કરી દેજો. તે મને મુકવા માટે દાદર ઉતરવા લાગ્યા. પણ મેં ના પાડી.

દરવાજાની બહાર નીકળતાં કોણ જાણે કેમ પણ તે દિવસે મને એમ લાગ્યું કે જાણે બળવંતભાઈ નહીં સાક્ષાત રણછોડજીની આંખ મારી પીઠ પાછળ તાકીને જોઈ રહી છે અને મન શ્રદ્ધાથી એવું તો ભરાઈ ગયેલું માનો કે બળવંતભાઈને મળી ને નહીં પણ ચારધામની યાત્રા કરીને પાછો ફરી રહ્યો છું.

## કાજલ ઓઝા વૈદ્ય... ડબલ સરનેમનું સ્ટેટ્સ ધરાવતી સ્ત્રીઓ...!!




કાજલ ઓઝા વૈદ્ય, ગુજરાતી વાંચકોનો મોંઢે સહજ આવતું નામ, બધાંની મનગમતી લેખિકા, બોલ્ડ વિચારો અને એવું જ એમનું વ્યક્તિત્વ.... જયારે પ્રથમ વાર એમનું નામ વાંચ્યુ ત્યારે નવાઈ લાગેલી, જેમ પેલા રવિશંકર ડબલ શ્રી લગાવીને શ્રેષ્ઠ બન્યાં છે એમ આ બેને ડબલ અટક કેમ લખાવી હશે? એટલે સ્ત્રીઓ લગ્ન પહેલાની અને પછીની અટક લખાવે છે એવું ખબર પડી, વિષય ઈન્ટરેસ્ટીંગ લાગ્યો...

લગ્ન બાદ છોકરીઓ પોતાનું નામ - અટક બદલાવતી હોય છે, એક આખી ઓળખને ચેન્જ ઓવર કરવાની વાત... લગ્ન એટલે માત્ર બે મન નહીં પણ કુટુંબનું મિલન, એવું કહેવાય છે. લગ્ન થાય એટલે એક ઘરની દીકરી બીજા ઘરની વહુ કે પુત્રવધુ બને છે. બધું જ બદલાય છે, એક નવી દુનિયામાં પ્રવેશ થાય છે, આ બધામાં સૌથી મોટો ઉલટફેર એટલે અટક બદલવાની વાત...

જૂનાં રીત રિવાત મુજબ તો લગ્નના ચોરીના ફેરામાં જ કન્યાનું નામ-સરનેમ બદલવામાં આવતા. હવે પ્રથા, પરંપરા કહીએ એટલે સંસ્કૃતિ આવે... કન્યાની અટક બદલવાની પ્રથાની જો વાત આવે તો એ માત્ર ભારત દેશની જ સંસ્કૃતિ છે એવું નથી. વિશ્વભરના મોટાભાગના, વિકસીત દેશોમાં પણ આ જ પદ્ધતિ છે. કારણ મોટા ભાગની દુનિયા પિતૃસત્તાક સંસ્કૃતિમાં માને છે... જેમ લગ્ન કરવાની, નક્કી કરવાની, નાત-જાત-ગોર-વાડો બધું બદલાયું એમ ન્યૂ જનરેશન વધારે ફ્રિડમ ભોગવતી થઈ છે...

નામમાં શું રાખ્યું છે? એવું ભલા શેક્સપિયર દાદા કહી ગયા હોય છતાંય લગ્ન બાદ નામ-અટક બદલવાનું ચાલુ જ છે. લગ્ન બાદ નામ

> **જિંદગી સારી બને જો આ સમય આવી શકે,**
> **ના કશું જૂનું છૂટે ને સૌ નવું પામી શકે.**
> **એક સારી વાત આ બદલાવમાં જોવા મળી,**
> **સ્ત્રી સ્વયંના નામમાં બંને અટક રાખી શકે!**
> **– ભાવિન ગોપાણી**

બદલવું કે ન બદલવું એ વાત ભલે એટલી સહેલી ન હોય તોય કેટલીક છોકરીઓ ફેવરમાં તો કેટલીક વિરુદ્ધમાં હોય છે!

છોકરીઓ સમજતી થાય અને પોતાના નામના પ્રેમમાં પડે એ સ્વાભાવિક છે, પછી લગ્ન બાદ શું કામ નામ કે અટક બદલીએ? એમની પોતાની એક આગવી આઈડેન્ટીટી છે, પછી લગ્ન બાદ એ અટક ખંખેરીન નવું લેબલ લગાડવાનું?

આમ તો લગ્ન વખતે એક મસ્ત ચાન્સ હોય છે, છોકરીઓને પોતાનું નામ કે અટક બદલવાનો. જેમને પોતાનું નામ નથી ગમતું તેઓ થનારાં પતિને પોતાના ચોઈનું નામ કહી બદલાવી લે છે. કેટલીક મોટા મનની છોકરીઓ નામ કે અટક બદલાવવાથી કોઈ ફેર પડતો નથી એમ માને છે. જેમ મા-બાપે પ્રેમથી નામ આપ્યું એમ સાસરે પણ એમની વહુ થઈને જવાનું છે, તો એમની પસંદગીનું નામ સ્વીકારી એમની દીકરી બનવામાં શો વાંધો?

આમ જુઓ તો દરેકને પોતાના નામ પ્રત્યે એક લગાવ હોય છે. એટલે પોતાનું નામ બદલવાની વાત આવે તો કેલીક છોકરીઓ છેડાઈ જાય છે. અને સ્પષ્ટ જ વાત કરે છે. 'હું મારું નામ બદલીશ નહીં, એ મારી ઓળખ છે, હા કદાચ અટક બદલવી હોય તો હું બે અટક લગાડીશ, કારણ નવો સંબંધ જોડાશે અને એમને સ્વીકારવા એ મારી ફરજ છે...'

આજના યુવાનો પણ છોકરીના નામ કે સરનેમ માટે બહુ જીદ્દી નથી. તેઓ પણ એમની થનારી લાઈફ પાર્ટનરને એની મરજી મુજબ વર્તવાની છૂટ આપે છે. ખાલી પરંપરાના નામ પર એનું નામ કે અટક બદલવી જોઈએ એવું હવે કોઈ માનતું નથી.

આધુનિક વિચારસરણી ધરાવતી કેટલીયે કન્યાઓ એમનું નામ-અટક એ જ ઈટ ઈઝ રાખવા મક્કમ છે. કોઈની સાથે સંસાર માંડીએ એટલે સરનેમ બદલવી એવું કોણે કહ્યું? પાસપોર્ટ, રેશનકાર્ડ, આધારકાર્ડ, લાયસન્સ, ઈલેકશન કાર્ડ આ બધામાં કોમ ચેન્જ કરવા જાય? વાત તો સાચી જ છે. નાનપણથી એક નામ - અટક સાથે પોતાની કેરિઅર અને ઓળખ બનાવનારી છોકરી રાતોરાત એની ઓળખ કેવી રીતે બદલે? એના પર કેટલો માનસિક ત્રાસ થતો હશે?

પણ મજાની વાત હવે આવે છે... ફરી કાજલ ઓઝા વૈદ્યને યાદ કરી લઉં, બે સરનેમ અપનાવીને આખા પ્રશ્નનો એકદમ સહજ ઉકેલ આપી દીધો. આ જે તો ડબલ સરનેમ રાખવાનો ટ્રેન્ડ બની ગયો છે, અને એ કેટલું સરસ અને વ્યાજબી પણ લાગે છે. પોતાની મૂળ ઓળખ સાથે નવા પરિવારનો સંબંધ અને સન્માન બધું જ સચવાઈ જાય!



**Hello ફ્રેન્ડસ**
સંજય થોરાત

કેટલાંક તો આ સરનેમ જ હટાવવાની વાત કરે છે. કારણ એમાંથી જાતિ ખબર પડે છે અને એ ઘણાંને નડે છે. એટલે અટકની જગ્યાએ મા કે બાપનું નામ લગાડીને ફરવાવાળા પણ ઓછી માત્રામાં પણ જોવા તો મળે જ છે, અને એમાં બાજીરાવ મસ્તાની વાળા સંજય લીલા ભણસાલી તરત જ યાદ આવે!

કેટલાક ને પોતાના મા-બાપના નામનું ગૌરવ હોય છે, અટકનું ગૌરવ હોય છે એટલે પ્રેમથી લગાડે છે, તો કેટલાંક પરંપરા-સંસ્કૃતિ-પ્રથા-વારસાને કારણે ગૌરવ અનુભવીને પોતાની અટક યથાવત રાખે છે!

કન્યાએ એનું નામ કે અટક બદલવાની કે નહીં? એ હવે લગભગ જે તે છોકરીનો પોતાનો નિર્ણય જ બનવા લાગ્યો છે. સમાજ પણ આ વાતને સ્વીકારતો થયો છે. એક જમાનામાં જયારે લગ્ન બાદ કન્યાનું નામ-અટક બદલવી ફરજીયાત હતી ત્યાં આજે કન્યાની અટક માટે એનો લાઈફ પાર્ટનર પણ એની ઈચ્છા મુજબ વર્તતો થયો છે...

આજે આપણી આસપાસ રહેતાં કે પરિચયમાં આવતી અનેક સ્ત્રીઓ ડબલ સરનેમની જોવા મળે છે અને ત્યારે સ્ત્રી મુક્તતાની વાતો સાર્થક થયેલી લાગે છે... આ નામ માટે ચળવળ ઉપાડનાર લ્યુસી સ્ટોનની વાત વાંચવા જેવી છે.



લ્યુસી સ્ટોન એ અમેરિકન વુમને સ્ત્રીઓની સ્વતંત્ર ઓળખ માટે વિચાર વહેતો કર્યો. લગ્ન બાદ સાસરાની અટક ન લગાડતા પિયરની જ અટક કાયમ કરવા એમણે ૧૯મી સદીમાં લડત આદરી હતી.

આજેય આ લ્યુસી સ્ટોન એમનાં એ ક્રાંતિકારી વિચાર અને ચળવળ માટે યાદ કરાય છે. એમના મૃત્યુના ત્રણ દાયકા બાદ એટલે ૧૯૨૧માં એમના નામ પરથી 'લ્યુસી સ્ટોન લીગ'ની અમેરિકામાં સ્થાપના થઈ અને લગ્ન બાદ પિયરની અટક જ રાખવાની સ્ત્રીને કાયદાકીય માન્યતા પ્રાપ્ત થઈ.

લગ્ન બાદ અટક ન બદલનારી સ્ત્રીને આજેય અમેરિકામાં 'લ્યુસી સ્ટોનર' કહેવાની ફેશન છે!

અનુસંધાન પાના નં. ૭ પર